# સુરત મહાનગરપાલિકા
## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસમાં ફરજ બજાવતા કર્મચારીઓની કામગીરી

જાહેર તંત્રની વિગત :–

શહેરી પ્રજાજનોને આગ અકસ્માત સમયે બચાવ કામગીરી તથા જરૂરી ફાયર ફાઈટીંગ સુવિધા તેમજ કુદરતી હોનારતો જેવી કે ધરતીકંપ /વાવાઝોડા સાથે વરસાદ થતા પુર જેવી હોનારતોમાં રાહત તેમજ બચાવની કામગીરી પુરી પાડવાની અને જરૂરીયાત મંદોને તેઓની માંગણીનુસાર એમ્બ્યુલન્સ/ શબવાહીની સેવાઓ પુરી પાડવી.

જનસેવાઓ અંગેની ફરીયાદ અને નિવારણની વ્યવસ્થા :–

વાયરલેસ કંટ્રોલરૂમ રાઉન્ડ ધ કલોક ફરજ બજાવે છે.

કાર્યાલયનું / મુખ્ય કચેરીનું સરનામું :–

સુરત મહાનગરપાલિકા, ગોર્ધન ચોખાવાળામાર્ગ, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩

કાર્યાલયનો ખુલવાનો સમય અને બંધ થવાનો સમય

(અ) વાયરલેસ કંટ્રોલરૂમનો સમય રાઉન્ડ ધ કલોક ખુલ્લો રહેશ.
(બ) વહીવટી કાર્યાલય સવારે ૧૦–૩૦ કલાકથી સાંજે ૬–૧૦ કલાક
(જાહેર રજાનાં દિવસો સિવાય.)

# માહીતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે

રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટનાં ચેપ્ટર–૨ મેન્યુલ–૧

## સુરત મહાનગરપાલિકા

### ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

### (નિયમ સંગ્રહ–૧)

૨.૧ **જાહેરતંત્ર ઉદેશ/હેતુ**

સુરત મ.ન.પા.નાં વહીવટી તંત્રને અસરકારક અને ઉત્તરદાયી બનાવવા સરકારશ્રીનાં પ્રજાલક્ષી ધ્યેયને સ્વરૂપ આપવા શહેરની પ્રજાને નાગરિક સુવિધા પુરી પાડવાનો ઉદદેશ રહેલો છે.

૨.૨ **જાહેરતંત્રનું મિશન / દુરદેશીપણું**

શહેરી પ્રજાજનોને આગ અકસ્માત સમયે બચાવ કામગીરી તથા જરૂરી ફાયર ફાઈટીંગ સુવિધા તેમજ કુદરતી હોનારતો જેવી કે ધરતીકંપ /વાવાઝોડા સાથે વરસાદ થતા પુર જેવી હોનારતોમાં રાહત તેમજ બચાવની કામગીરી પુરી પાડવાની અને જરૂરીયાત મંદોને તેઓની માંગણીનુસાર એમ્બ્યુલન્સ/ શબવાહીની સેવાઓ પુરી પાડવી.

# સુરત મહાનગરપાલિકા

## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

## ફાયર ખાતાની મુખ્ય કામગીરીઓ નીચે મુજબ છે.

૧ આગ બુઝાવવાની, પૂર, ભુકંપ તથા અન્ય કુદરતી અથવા માનવ સર્જીત હોનારતોમાં બચાવ અને રાહતની તેમજ પુનર્વસનની કામગીરી. (વિશેષમાં પૂર આપત્તિ બાદ તમામ ઝોનનાં તેમજ આરોગ્ય વિભાગનાં સંકલનમાં રહી શહેરમાં રસ્તાસફાઈની કામગીરીમાં, જંતુનાશક દવા છટંકાવની કામગીરીમાં, મ.ન.પાની અસ્કયામતોની સાફ સફાઈની કામગીરીમાં, શહેરીજનોને પીવાનું પાણી પુરૂ પાડવાની કામગીરીમાં સહાયરૂપ થવાની કામગીરી.)

૨ બહુમાળી મકાનોમાં ઉભી કરવામાં આવેલ ફાયર ફાઈટીંગ સુવિધાઓની ચકાસણીની કામગીરી.

૩ શહેરી વિસ્તારમાં આવેલ સીનેમાગૃહો તેમજ થીયેટરમાં ઉભી કરવામાં આવેલ ફાયર ફાઈટીગ સુવિધાઓની ચકાસણીની કામગીરી.

૪ પ્રદર્શનનો, ધાર્મિક સંમેલનો, સમુહલગ્ન સમારંભો, મેળાઓ, ફટાકડાનાં બુથો જેવા હંગામી ધોરણે ઉભા કરવામાં આવેલ પંડાલનાં ઈન્સ્પેકશ, પંડાલ ખાતે ઉભી કરવામાં આવેલ ફાયર ફાઈટીગ સુવિધાઓની ચકાસણીની કામગીરી.

૫ શહેરની મુલાકાતે આવતા મહાનુભાવોનાં પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન બંદોબસ્ત પુરો પાડવાની કામગીરી.

૬ શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં ઉભી કરવામાં આવેલ ફાયર ફાઈટીગ સુવિધાઓની ચકાસણીની કામગીરી તેમજ શાળાઓના વિદ્યાર્થીઓના વિદ્યાર્થીઓને આપત્તિ સમયે સ્બબચાવની તેમજ અન્યોને બચાવવાની કામગીરી કઈ રીતે કરવી તે અંગે અવેરનેસનું પ્રશિક્ષણ આપવાની કામગીરી.

૭ શહેરમાં વોર્ડવાર જનજાગૃતિનાં તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં, ઔદ્યોગિક સંકુલો, કામદાર સંસ્થાઓ, હોમગાર્ડસ, નાગરિક સંરક્ષકો, વિગેરે માટે અવેરનેશ કાર્યક્રમો યોજવાની અને આમજનતાને ફાયર ફાઈટીગ તેમજ બચાવની અને અવેરનેશની તાલીમ આપવાની કામગીરી.

૮ ઉચ્ચાધિકારીશ્રી તેમજ પદાધિકારીશ્રીઓને ઉપરાંત મ.ન.પા.અન્ય વિભાગોને કોમનપુલનાં વાહનોની વ્યવસ્થા પુરી પાડવાની તેમજ મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં સંદેશ વ્યવહારનાં સાધનો પુરા પાડવાની કામગીરી.

૯ આમ જનતાને એમ્બ્યુલન્સ તેમજ શબવાહીનીની સુવિધા પુરી પાડવા અંગેની કામગીરી.

૧૦ અગ્નિશમન વિભાગ તરફથી ખાતાનાં, અન્ય સરકારી તેમજ ખાનગી સંસ્થાઓનાં કર્મચારીઓને હાલમાં તાલીમ આપવાની કામગીરી ચાલે છે. જેમાં વિકાસ કરી વિવિધ પ્રકારનાં કોર્ષ ચલાવવાની અને તે માટે અધ્યતન તાલીમ કેન્દ્ર શરૂ કરવાની કામગીરી તેમજ હાલનાં ૧૨ ફાયર સ્ટેશનન ઉપરાંત નવા વિસ્તારને ધ્યાને લઈ, નવા વધારાનાં –૦૨ અધ્યતન ફાયર સ્ટેશનો ઉભા કરવાની કાર્યવાહી ચાલુ છે.